Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/૯૬૮૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૧૪/૦૬/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શાળાઓ

સુરત. જિ.સુરત

આ સાથે સામેલ નાયબ કલેકટર અને સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સીટી પ્રાંત સુરતની કચેરીના પત્ર ક્રમાંક/એડીએમ/હળપતિ/વિદ્યાર્થી/માહિતી/૨૦૨૩ તા.૧૯/૦૫/૨૦૨૩ અન્વયે ગુજરાત રાજયમાં વસવાટ કરતા હળપતિ જાતિ સમુહમાં સમાવિષ્ટ હોય તેવા નાગરિકોને સરકારશ્રી દ્વારા તેઓના લાભાર્થે જાહેર કરેલ યોજનાઓનો લાભ પહોંચાડી શકાય તે હેતુસર હળપતિ જાતિ સમુહના વિદ્યાર્થીઓની માહિતી અત્રેની કચેરીમાં મા-૨ શાખાને દિન-૨માં આ સાથેના પરિપત્રમાં આપેલ એકસેલ સીટના નમુનામાં શ્રુતી ફોન્ટ સાઇઝ-૧૨માં તૈયાર કરી સોફ્ટકોપી તથા હાર્ડકોપીમાં રૂબરૂ મા-૨ શાખામાં આપવાની રહેશે. આ યોજના અંગેની તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

# નાયબ કલેક્ટર અને સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ

સીટી પ્રાંત સુરતની કચેરી, એ/૩, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.

ફોન નં.૦૨૬૧-૨૬૬૫૮૦૦ Email ID : 15.prantcity@gmail.com


નં.એડીએમ/હળપતિ/વિદ્યાર્થી/માહિતી/વશી./૨૦૨૩ તા.૧૯/૦૫/૨૦૨૩

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
ઠે.એ-૩, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત

(૨) જિલ્લા શાસનાધિકારીશ્રી, સુરત
ઠે. શાસનાધિકારીશ્રીની કચેરી, કાંસકીવાડ, ભાગળ ચાર રસ્તા, સુરત

વિષય :- હળપતિ જાતિના વિદ્યાર્થીઓની સ્કુલ વાઈઝ ડેટાબેઝ તૈયાર કરવા બાબત

જયભારતસહ ઉપરોક્ત વિષય સંબંધે જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા હળપતિ જાતિ સમૂહમાં સમાવિષ્ટ હોય તેવા નાગરિકોને સરકારશ્રી દ્વારા તેઓના લાભાર્થે જાહેર કરેલ યોજનાઓનો લાભ પહોંચાડી શકાય તે હેતુસર હળપતિ જાતિ સમુહના વિદ્યાર્થીઓની માહિતીની જરૂર હોય આપના હસ્તકની/તાબા હેઠળની સુરત શહેરમાં સમાવિષ્ટ શૈક્ષણિક સંસ્થાઓમાં ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા હોય તેવા હળપતિ જાતિના વિદ્યાર્થીઓની માહિતી નીચે આપેલ પત્રક મુજબ એક્સેલ સીટમાં શ્રુતી ફોન્ટ સાંઈઝ-૧૨ માં તૈયાર કરી સોફ્ટકોપી તથા હાર્ડકોપી તા.૩૦/૦૫/૨૦૨૩ સુધીમાં અત્રેની કચેરી ખાતે મુદ્દામ કર્મચારી મારફત રજૂ કરવા વિનંતી છે.

| અ.નં. | સ્કુલનું નામ/ સરનામું | વિદ્યાર્થીનું નામ | જાતી (પુરૂષ/ સ્ત્રી) | ધોરણ | જન્મ તારીખ | વિદ્યાર્થીનું રહેઠાણનું સરનામું | મોબાઇલ નંબર | જાતિ પ્રમાણપત્ર મળેલ છે કે કેમ? હા કે ના | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |

(જી.વી.મિયાણી)
નાયબ કલેક્ટર
સીટી પ્રાંત, સુરત